४०० 14

२५

(१०७)

## બોર શારકામની કામગીરીનું ડુપ્લીકેટ ચૂકવણું નિવારવા બાબત.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
જલસેવા ભવન, એરફોર્સની સામે,
સેક્ટર - ૧૦- એ, ગાંધીનગર.
**પરિપત્ર ક્રમાંકઃ તકેદારી એકમ/ જનરલ/પરિપત્ર/ ૧૫૩૯** તા. ૨૮/૧૨/૦૬

### પરિપત્ર

બોર્ડ કચેરી હસ્તકની એક વિભાગીય કચેરી દ્વારા બોર શારકામની કામગીરી અન્વયે અગાઉના વર્ષોમાં જે લોકેશન (સ્થળ) પર બોર શારવામાં આવેલ હતો અને તે બોર શારકામની કામગીરીનું ચુકવણું પણ થયેલ હતું, તે જ લોકેશન પરના બોર માટે પછીના વર્ષમાં માપપોથીમાં ફરીથી માપો લખી અગાઉના વર્ષમાં શારવામાં આવેલ બોર માટે ડુપ્લીકેટ ચૂકવણું થઇ ગયાનું ધ્યાને આવેલ છે, જે યોગ્ય નથી. આવી પરિસ્થિતી નિવારવા માટે બોર શારકામની કામગીરી હાથ ધરતા પહેલાં નીચે જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

અગાઉના વર્ષોમાં બોર્ડ દ્વારા જે જે સ્થળે બોર કરવામાં આવેલ હોય તેની ગામવાર તથા ફળિયાવાર સ્પષ્ટ લોકેશન સહિતની વિગતો વિભાગીય કચેરીના રજીસ્ટરમાં ઉપલબ્ધ હોવી જોઇએ. નવા બોર માટે પીન-પોઇન્ટ નકકી કરવા માટે જયારે અધિકારી / કર્મચારી દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવે ત્યારે તે ગામ / ફળીયામાં અગાઉ શારવામાં આવેલ બોરની યાદી તેમજ સ્થળ દર્શાવતા નકશા અવશ્ય સાથે રાખવા. નવા બોર મંજૂર કરવામાં આવે ત્યારે ઉપરોક્ત રજીસ્ટર સાથે ચકાસણી અવશ્ય કરવી અને નવા બોર માટે અંદાજમાં પણ તેનું લોકેશન

Office of
Chief Engineer
(Mechanical)
G. W. S. & S. B.
Gandhinagar.
Inward No. ०८
Date 31/1/07
CE (Mech.)
Ex. Engr.

(૧૦૮)

સ્પષ્ટપણે જણાવવું. જે તે બોરના શારકામની કામગીરી માટે ચૂકવણું કરતી વખતે પણ ઉક્ત રજીસ્ટરમાં બોર બાબતે થયેલ નોંધની ચકાસણી કરવી અને ચૂકવણાની તારીખની રજીસ્ટરમાં નોંધ કરવી.

ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

ફાઈલ ઉપર સભ્ય સચિવશ્રીની સહિ છે.

મુખ્ય ઇજનેર
યાંત્રિક શાખા,
ગાંધીનગર

**નકલ રવાના પ્રતિ,**

- : માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.
- : અધિક સચિવ અને મુખ્ય ઇજનેરશ્રી, નર્મદા, જળસંપત્તિ, પા. પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- : મુખ્ય ઇજનેરશ્રી, (સર્વે) યાં. મિ. બોર્ડ કચેરી ગાંધીનગર
- : નિયામકશ્રી, જલ સેવા તાલીમ સંસ્થા, ગાંધીનગર.
- : અધિક્ષક ઇજનેરશ્રી, (સર્વે)
- : કાર્યપાલક ઇજનેરશ્રી, (સર્વે)
- : નાણાં નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.

નકલઃ- પરિપત્ર ફાઈલ.